## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*હતું નાટક, મેળા-ઉત્સવો, ઉજવાતા'તા પરાણે,*
*અસર થઈ ઓછી ધાકની, મૂકાઈ ગયા કોરાણે*
*કૃષિમેળા ને પ્રવેશોત્સવ હતાં દંભી કર્મકાંડ -*
*ભણવાના હોય તે ભણે જ, અમલ થયો જોરાણે*

**હાઈકુ**

*વર્ષાદ વિના -*
*કૃષિમેળાઓ પણ*
*સૂકાઈ ગયા !*

*અમારા રોજ*
*દિ'ગરીબીમાં...*
*(૨૧ જૂન - લાંબો દિવસ)*

### ચિંતન

*તે અસ્મભયં શર્મ યંસન્નમૃતા મર્ત્યૈભ્યઃ ।*
*બાધનામ અપ દ્વિષઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.**

**જે વિદ્વાન હોય અને શ્રેષ્ઠ કર્મ કરતા હોય તેમનું જ શિક્ષણ ગ્રહણ કરે. ખોટા સ્વભાવના માણસોથી હંમેશા દૂર જ રહેવું જોઈએ. એમાં જ મનુષ્યમાત્રનું કલ્યાણ છે.**

**આપણા દેશમાં સાધુ, સંતો અને વિદ્વાનો પ્રત્યે જનતાને ભારે શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનું પ્રતિદાન આપવાની જવાબદારી પણ એ લોકો પર જ રહે છે. જૂના જમાનામાં આવા લોકો પોતાના ઉચ્ચ ચરિત્ર, મહાન જ્ઞાન અને ઉદ્દાત સેવા ભાવનાનો પૂરેપૂરો લાભ જનતાને આપતા હતા અને એટલા નિસ્પૃહ રહેતા હતા કે ભોજન તથા વસ્ત્રની ચિંતા પણ ભગવાનના ભરોસે છોડી દેતા હતા. એ જ સાચો ઋષિધર્મ હતો.**

**આવા વિદ્વાન માણસો સ્વયં શ્રેષ્ઠ કર્મો કરે, શ્રેષ્ઠ આચરણ રાખે અને સમાજમાં પ્રત્યેકને શ્રેષ્ઠ માર્ગે ચાલવાની સદ્‌ગુણો અપનાવવાની પ્રેરણા આપે.**

### સુવિચાર

- તમારી પાસે કશું રહેવાનું ન હોય ત્યારે મૌન રાખો. ખરાબ જવાબ કરતા મૌન સારું. કમજોર આત્મબચાવ તમારા પ્રતિસ્પર્ધીને મજબૂત કરે છે - **ચાર્લ્સ કોલ્ટન**
- બુદ્ધિમત્તા એકાંતમાં વિકાસ પામે છે, ચારિત્ર્ય જીવનસંઘર્ષમાં - **સંત રોબિન**
- અગ્નિમાં નાખવામાં આવતું બધું અગ્નિ બની જાય છે, તેમ સંતાનો ચરણોમાં જવાથી સંત બની જવાય છે - **તુકારામ**
- વિવેકની સૌથી મોટી મોળખાણ સતત પ્રસન્નતા છે - **મિશેલ મોન્તેન**
- ટાળી ન શકાય તેની બીક રાખવી એ મૂર્ખતા છે - **સંત રોબિન**
- મનુષ્યની સૌથી મોટી સંપત્તિ છે સહાનુભૂતિપૂર્ણ પતિ - **સંત ઓગસ્ટિન**
- આજનું ઔષધ : કમળાના દર્દીને કારેલાના પાનનો રસ ચપટી હળદર મેળવી ૨૦-૨૦ ગ્રામ સવાર-સાંજ આપવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાને ત્યાં સુંદર પુત્રનો જન્મ થયો. રાજકુમાર રૂડોરૂપાળો પણ બોલતો ન હતો. કાયમ મૂંગો જ રહેતો. રાજાએ ઘણી દવાઓ કરી પણ બધું જ વ્યર્થ. રાજાને ગુસ્સો ચડ્યો. એણે હુકમ કર્યો. 'આ રાજકુમારને રાજયના છેવાડે જે ખંડેર છે ત્યાં મૂકી આવો.' જેવો ખંડેરમાં કુંવરને મૂક્યો કે રાજકુમાર બોલ્યો, 'શું રાજાનો મહેલ એક ખંડેર તો છે તો પછી મને શું કામ અહીં મૂકવા આવ્યા ?' મૂકવા આવનારા ખુશ થયા અને તરત કુંવરને લઈ રાજાને મળવા પહોંચ્યા. રાજાને બધી વાત કરી. પણ રાજમહેતમાં આવતા રાજકુમાર ફરી પાછઆ મુંગા થઈ ગયા. તેમને બોલાવવાના ખૂબ પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. આથી રાજાને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે હુકમ કર્યો, 'હવે રાજકુમારને જંગલમાં લઈ જાઓ અને ત્યાં તેનો વધ કરી નાખો.' મારાઓ રાજકુમારને લઈને જંગલમાં આવ્યા ત્યારે કુમાર ફરી બોલ્યો. તેણે પૂછ્યું, 'તમે શા માટે મને મારવા તૈયાર થયા છો ?' મારાઓનો જવાબ, 'તમે રાજા સાથે કંઈ બોલતા નથી માટે.' રાજકુમારે કહ્યું, 'હું નથી બોલતો એનું એક કારણ છે. મારા અગાઉના જનમમાં હું રાજા હતો એ વખતે મેં ઘણા સાચા-ખોટાં અનેક હુકમો કર્યા હતા. એની સજા રૂપે મેં ઘણા વર્ષો નર્કમાં ગાળ્યા. ફરી એક વાર મને રાજકુળમાં જન્મ મળ્યો છે. હવે એવા અન્યાયી હુકમો કરી માટે બીજા જન્મે ફરી નરકમાં નથી જવું. એટલે જ હું મૌન રહું છું.'

મારાઓને રાજકુમારની વાત ગળે ઉતરી. એમણે નક્કી કર્યું આવા જ્ઞાની બાળકને આપણાથી કેમ મરાય ? અંતે મારાઓ રાજકુમારને જીવતો મૂકી રાજાના ડરથી રાજય છોડી ચાલ્યા ગયા.

# જીવવાના અધિકારમાં ગંભીરતા જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

બિહારના મુઝફ્ફરપુર ખાતે ઍક્યુટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમ જેવી ખતરનાક બિમારી એપિડેમિક સ્વરુપ ધારણ કરી ચૂકી છે ત્યારે રાજય કે કેન્દ્રની ચૂંટાયેલી સરકારોનો કઠોર શબ્દોમાં ઉધડો લઈને સર્વોચ્ચ અદાલતે ન્યાય પાલિકાને ગૌરવ અપાવ્યું છે. બિહારમાં ટપોટપ તાવથી મરતાં બાળકોની સંખ્યા હવે તો ટૂંક સમયાં બસોનો આંકડો પાર કરી જશે એમ લાગે છે. ચૂંટણી વખતે મસમોટા દાવા કરનારા રાજકારણીઓને દેશનાં આ શોષિત વંચિત સમાજનાં સમીકરણો માંડીને તથા લોકલુભાવન ભાષણબાજીથી આંજી નાખીને મતદારો પાસેથી વોટ ઉઘરાવી લેવામાં જ રસ હોય છે. ગયે વર્ષે ઉત્તરપ્રદેશમાં અને આ વર્ષે બિહારમાં થયેલાં અકાળ બાળમરણથી દુનિયાભરમાં ભારતની છબી ધૂંધળી બની ગઈ છે. એક તરફ આપણે આર્થિક વિકાસની ઉંદરદોડમાં સામેલ થઈ વિશ્વની મહાસત્તા બનવાની હોડ બકી છે, બીજી તરફ દેશનું ભવિષ્ય એવા બાળપણ પ્રત્યે સંપૂર્ણ બેદરકારી દાખવી આખી દુનિયા સામે મોં બતાવવા લાયક નથી રહ્યા. બિહારના વતની અને રાષ્ટ્રકવિ રામધારીસિંહ દિનકર સ્મૃતિન્યાસના અધ્યક્ષ નીરજકુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને છ પાનાનો વિસ્તૃત પત્ર પાઠવી આ મુદ્દે અત્યાર લગી એમને પાળેલા મૌનનો જવાબ માગ્યો છે. સર્વોચ્ચ અદાલતમાં અન્ય એક પ્રબુદધ નાગરિકની જનહિકતની રીટના જવાબમાં સિનિયર ન્યાયમૂર્તિઓની બેન્ચ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારને તાકીદ કરાઈ છે કે આ સંદર્ભે મુઝફ્ફરપુર પંથકમાં શી વ્યવસ્થા કરવામાં આવી છે, એની જાણ કરે અને વહેલી તકે આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી પગલાં ભરે. સર્વોચ્ચ અદાલતે બિહાર અને ઉત્તરપ્રદેશમાં વરસોવરસ ઊભી થતી સામૂહિક બાળમરણની આફત માટે કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા આરોગ્ય, કુપોષણ અને તબીબી સંસાધનો ઉપલબ્ધ કરાવવા દાખવેલી બેદરકારીને જવાબદાર ઠેરવી છે. બાળકો ટપોટપ મરતાં જાય છે તે ઘણી શોચનીય બાબત છે અને તે સંદર્ભે ન્યાયપાલિકા મૌન રહી શકી નહીં. કેન્દ્ર અને રાજય સરકારોને માત્ર સત્તા હાંસલ કરવામાં અને મેળવેલી સત્તાને યેનકેન પ્રકારેણ ટકાવી રાખવામાં જ રસ હોય છે તે હવે પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે ત્યારે ન્યાયપાલિકાની આ સક્રિયતા ખરેખર દુખિયારી પ્રજા માટે એક મસમોટું આશ્વાસન બની રહેશે.

# અમે એકવાર ફરી જીવનનાં સત્યને ઓળખી રહ્યા હતા



**નવાં કલેવર**

નટવર હેડાઉ

મને બરાબર યાદ છે તે વર્ષાઋતુનો સમય હતો. બા મને દુનિયાની મુસીબતોથી બચાવવા પોતાના સાડીના છેડામાં છુપાવીને બેઠી હતી. પાંચ વર્ષનું બાળક કંઈ એટલું નાનું પણ નથી હોતું કે માં તેને આ રીતે છાતીએ વળગાડીને રાખે. પણ બા મને પળવાર માટે પણ અળગો કરવા માંગતી ન હતી.

> **બાની આંખોમાં આવતી કાલનું સપનું આકાર લઈ રહ્યું હતું. તેની છાતીમાં ધબકારા, મમતાની સંદિગ્ધ ગંધ અમારી વિસરાયેલી હયાતીને સમેટતી હતી**

બે વર્ષ પહેલાં અચાનક બાપુનું અવસાન થઈ ગયું હતું. પિતા પુત્રના સુખને તલસતા રહ્યા અને પુત્ર પિતાના વ્હાલથી હંમેશ માટે વંચિત થઈ ગયો. બા અંદરથી ભલે ભાંગી પડી હતી પણ વિખરાઈ ગઈ નહોતી કેમ કે તેની સામે એક સપનું હતું જે સાકાર થવાનું હતું.

કદાચ તેની કસોટીઓનો અંત આવ્યો ન હતો. ગામમાં ઝેરી મેલેરિયા ફેલાયો હતો. તેની પાસે સૌથી કિંમતી મૂડી તેના બાળકો હતા. બંને બાળકીઓ અને એક લાકડા પુત્ર સાથે બીજા લોકોની જેમ હરિ ઈચ્છા બળવાન એમ નક્કીકરી શહેર તરફ નીકળી પડી.

શહેરમાં તેની માં, ભાઈ અને બહેન હતાં. જેમની પાસે ભગવાને દીધેલું બધું જ હતું. વળી પિતાની નોકરી દૂરના અંતરિયાળ વિસ્તારના શહેરમાં હોઈ નવા ઘરની દેખરેખ રાખનાર કોઈ તો જોઈએ.

નસીબ જાણે તેનાથી બે ડગલાં આગલ ચાલતું હતું. સામાન હજુ ખોલ્યો પણ નહોતો ત્યાં 'વાયુ વાવાઝોડું' આવ્યું. ઘરબાર મુકી રાહત છાવણીમાં આશરો લેવો પડ્યો. તેની બહેનનું કુટુંબ પણ ત્યાં જ મળ્યું.

વરસાદ અને પવન એવો હતો કે પ્રલય થશે એમ લાગતું હતું. વરસાદને ઝડીઓ તંબુ પર આક્રમક બની હતી. પણ એ સ્ત્રી હંમેશની જેમ આડશ બની આક્રમણનો સામનો કરી રહી હતી, વાવાઝોડાની તીવ્રતા વધતા આ જગ્યા પણ ખાલી કરવી પડશે એવી વાત થઈ. હેલીકોપ્ટરમાં નજીકના શહેર સુધી જવાનું હતું. અમે ત્રણે તેમાં બેસી ગયાં આકાશમાં ઉડવાનો રોમાંચ અમારામાં બિલકુલ ન હતો. ઘર-વખરી પણ છોડી દેવી પડી હતી પણ બા કહેતી હતી કે જીવતો નર ભદ્રા પામે.

જામનગર માસીનું જાણીતું શહેર હતું. સવાર સાંજ સફેદ સાડી હાથમાં પૂજાની થાળી લઈ સિદ્ધનાથ મંદિરે જતાં બિલકુલ શેઠાણી જેવા જાજરમાન લાગતાં. અમે બંને ભાઈ-બહેન તેમની પાછળ પાછળ જતાં કે કદાચ કોઈ દાતાંની ઓળખ અને અમારી દશા જોઈ પીગળી જાય.

'આ બિચારાં બાળકોનો બાપ મરી ગયો છે. માંથી એ વિખુટા પડી ગયા છે.' મોસી કહેતા, અમે સંકોચવશ નીચી નજરે ઊભા રહેતાં. માસીના દમામદાર ચહેરાથી એમ લાગતું કે જાણે તે કોઈ મોટું પુણ્યનું કામ કરી રહ્યો છે.

જે રાતે બા અમને મળી ત્યારે પણ ખુબ ધોધમાર વરસાદ પડતો હતો. તે ગાઢ અંધકારમાં રાહત કેમ્પના દરવાજા પાસે ટ્રકની આંખોને આંજતી લાઈટોનું અજવાળું ફેલાયેલું હતું. માસી એક એક જણને જોઈ ઓળખવાની કોશિષ કરતા હતા. બા તેના વિખુટા પડેલા બાળકોને છાતીએ વળગાડી જાણે ખાત્રી કરવા માંગતી હતી કે આ સાચું છે કે પછી સપનું ? અમારી આંખો સતત વરસતી હતી. તે જોઈ વાદળો પણ શરમાઈને ચાલ્યાં ગયા.

બાની આંખોમાં આવતી કાલનું સપનું આકાર લઈ રહ્યું હતું. તેની છાતીમાં ધબકારા, મમતાની સંદિગ્ધ ગંધ અમારી વિસરાયેલી હયાતીને સમેટતી હતી. અમે એકવાર ફરી જીવનનાં સત્યને ઓળખી રહ્યા હતા.

# સંબંધોનું પ્રાણ-પ્રતિષ્ઠાન અને સંબંધો સ્થિર કરવાની ભાવના



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

મુર્તિમાં પ્રાણ-પ્રતિષ્ઠાન સમયે તેમાં પ્રાણનું આવાહન થાય છે એ પ્રાણ તત્વને દિવ્ય વિધુત પણ કહી શકાય છે. પ્રાણ એ સ્થૂળ વિધુત નથી પણ ચેતન વિધુત છે. તેના પ્રવાહ નિયમન ઉપર ચેતના વિજ્ઞાનના નિયમો લાગુ પડે છે. તીવ્ર ભાવના તથા પ્રખર સંકલ્પ દ્વારા પ્રાણ શકિતને, સ્થાન-વિશેષ, વસ્તુ-વિશેષની દિશામાં પ્રવાહિત કરી શકાય છે.

પ્રાણ પ્રતિષ્ઠાનો સંકલ્પ જો પ્રખર અને શુધ્ધ ભાવના સાથે કર્યો હોય તો પ્રાણ-પ્રતિષ્ઠા સમયે જ તેની અનુભૂતિ થતી હોય છે. ભાવનગરમાં લોખંડ બજારમાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે. એ મૂર્તિની સ્થાપના અને પ્રાણ-પ્રતિષ્ઠા પ્રમુખસ્વામી દ્વારા કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે એ મુર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા પછી પ્રમુખસ્વામીએ પ્રાણ પ્રસ્થાપિત ભગવાન સ્વામીનારાયણની મુર્તિ સામે અરિસો ધર્યો ત્યારે એ અરીસો તરત જ ફૂટી ગયો હતો. એનો અર્થ એ થયો કે એ સમયે એ મુર્તિમાં દિવ્ય ચેતનાનો સંચાર થઈ ચૂક્યો હતો.

માનવીય સંબંધોનું પણ કઈક એવું જ છે. સંબંધોનું પણ એક વિજ્ઞાન છે. સંબંધોના પણ વણલખ્યા કેટલાક નિયમો છે. સંબંધોનું પણ એક શાસ્ત્ર છે. સંબંધોમાં પણ એક ચેતન વિધુત છે. સંબંધોને પણ તીવ્ર ભાવના અને પ્રખર સંકલ્પ દ્વારા-સંબંધોની પ્રાણ શકિતને વ્યકિત-વિશેષની દિશામાં પ્રવાહીત કરીને તેમાં ચેતનાનો સંચાર કરી શકાય છે.

સામ્પ્રત સમાજમાં લગ્ન પછી થોડા જ સમયમાં પતિ-પત્નીના છૂટાછેડા થઈ જવાની ઘટનાઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. માત્ર લગ્ન પછી જ નહીં, સગાઈ થાય પછી પણ તરત જ સંબંધો ફોક થવાની ઘટનાઓ બનતી રહે છે.

એક સુશિક્ષિત કુટુંબ. એ કુટુંબના દીકરાની તાજેતરમાં જ સગાઈ થઈ. એ દીકરો વિદેશમાં રહે અને જે યુવતી સાથે યુવકની સગાઈ થઈ એ પણ વિદેશમાં રહે. દીકરાના માં-બાપ ભારતમાં રહે. સગાઈ માટે સ્વદેશ આવેલા એ દીકરો અને તેની મંગેતર સગાઈ થયા પછી પોતપોતાના દેશમાં જતાં રહ્યા. એક દિવસ એ દીકરાની માતાને અનૌપચારિકે રીતે જ પુછ્યું કે દિકરો શું કરે છે તો જવાબ મળ્યો "મજા કરે છે." પછી બીજો સવાલ કર્યો કે વહુ શું કરે છે? તો માતાએ કઈ જ જવાબ ના આપ્યો. બીજીવાર પુછ્યું તો પણ જવાબ ના આપ્યો. ત્રીજીવાર પુછ્યું કે વહુ શું કરે છે તો છણકો કરીને માતાએ જવાબ આપ્યો કે એ અમારી વહુ નથી, અમારી દીકરી છે અને જો એ દીકરી વિષે જ પૂછતા હોય તો કહું કે એ પણ મજા કરે છે.

ઘરમાં જ્યારે નવી વહુ પરણીને આવે છે ત્યારે સાસુ-સસરા જો દીકરીના ભાવ સાથે જ તેની સાથે સંબંધોનું પ્રતિષ્ઠાન કરે તો? નવી પરણીને નવા કુટુંબમાં આવેલી યુવતી પણ જો પોતાના સાસુ-સસરા સાથે શરૂઆતથી જ પોતાના સંબંધો માતા-પિતાની જેમ જ પ્રસ્થાપિત કરે તો? આવું થઈ શકે તો એ સંબંધો લાંબા સમયે સાસુ-સસરા-વહુ તરિકે નહીં પણ માતા-પિતા-દીકરી તરીકે જ વિકાસ પામે. આવું થાય પછી એ સંબંધોમાં વાણી, વર્તન અને વ્યવહાર પણ માતા-પિતા-દીકરી તરિકે જ થાય. પ્રેમ લાગણી અને સ્નેહ પણ એ જ રીતે વ્યક્ત થાય અને એ સંબંધો એ જ રીતે કાયમ માટે ટકી રહે. આ રીતે પ્રસ્થાપિત થયેલા સંબંધોમાં ક્યારેય એકબીજાને સાસુ-સસરા-વહુ, તરીકે નહીં જુવે અને એ સંબંધોમાં ક્યારેય ખટરાગો ઊભા નહીં થાય. એ જ રીતે દરેક સંબંધો જો શરૂઆતથી પ્રખર અને શુધ્ધ ભાવના પ્રસ્થાપિત થાય તો એ સંબંધો પણ જીવનભર એ જ રીતે ટકી શકે. સંબંધોની શરૂઆત જે ભાવ સાથે થાય છે, જે ભાવ સાથે સંબંધો આગળ વધે છે, જે ભાવ સાથે સંબંધો વિકાસ પામે છે, એ સંબંધોમાં પ્રસ્થાપિત થયેલા સંબંધોના મૂલ્યોનું જ સિંચન થાય છે કારણ કે સંબંધોમાં શરૂઆતથી સિંચન થયેલા મૂલ્યો જ કાયમ રહેતા હોય છે.

તૂટતાં સંબંધોને બચાવવા, તૂટતાં લગ્નોને બચાવવા, કોડભર્યા યુવક અને યુવતીઓના સંબંધોના વિશ્વને સુરક્ષિત રાખવા માટે જો શરૂઆતથી જ તેની કાળજી રાખીએ, શરૂઆતથી જ એવા જ સંબંધોનું પ્રતિષ્ઠાન કરીએ તો એ સંબંધોમાં દિવ્ય ચેતના સંચારિત થઈ શકે અને સંબંધો વધારે દૈદીપ્યમાન બની શકે.

મુર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા એક જ વાર કરવામાં આવે છે અને પછી ઈશ્વર-ભકતનો સંબંધો કાયમ રહે છે. વ્યક્તિગત સંબંધોમાં પણ સંબંધો બંધાય ત્યારથી જ, શરૂઆતથી જ સંબંધોની પ્રતિષ્ઠા શ્રદ્ધા અને ભાવપૂર્વક થઈ જાય તો જ નહિતર પછી એ તક ભાગ્યે જ માટી હોય છે. સંબંધોનું પ્રતિષ્ઠાન વારંવાર થઈ શકતું નથી.

વ્યકિતના પૂરા જીવન દરમ્યાન અનેક સંબંધો બંધાતા હોય છે અને તેમાથી ઘણા સંબંધો તૂટી જતાં હોય છે. કેટલાક સંબંધો નજીક જ આવી શકતા નથી તો કેટલાક સંબંધો તૂટ્યા વિના વ્યક્તિથી દૂર થઈ જતાં હોય છે. કેટલાક સંબંધો જીવનભર ટકતા હોય છે. સંબંધો તૂટતાં હોય, દૂર થઈ જતાં હોય કે ટકી શકતા હોય તેની પાછળનું એક મજબૂત કારણ, એ સંબંધોની શરૂઆતમાં તેની માવજત કેવી કરી છે, તેનું પોષણ કેવી રીતે કર્યું છે. તેનું પ્રતિષ્ઠાન કેવા ભાવ સાથે કર્યું છે અને કેવી રીતે કર્યું છે તેના ઉપર આધારિત છે.

ચાલો આપણે સૌ આપણાં સંબંધોનું પણ શરૂઆતથી . "પ્રાણે સર્વ પ્રતિષ્ઠિતમ" ઉચ્ચારણ સાથે એવા ભાવ સાથે કરીએ કે એ સંબંધો કાયમ માટે ટકી રહે.

# અપ્રમાણસર સંપત્તિ અને વસ્તી વૃદ્ધિ આપત્તિ લાવે છે



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતની ઉપર ઈશ્વરની કૃપા છે અને લોકોમાં શ્રદ્ધા છે એટલે બહુ સારું ચાલી રહ્યું હોવા છતાં હવે ભારતમાં લોકો ને તથા પ્રશાસનને એવું જરૂરી લાગી રહ્યું છે કે આપણા પુરુષાર્થથી જે વિકાસ લાવવાની કોશિષ થઈ રહી છે ત્યાં ફળ મળતા નથી અથવા આપણી નક્કર ઉપલબ્ધિ કમ રહે છે. આઝાદી દેશને પ્રાપ્ત થઈ ત્યારની વસ્તી જે રાષ્ટ્રની હતી તેમાં અંદાજે હાલની વસ્તી એકસો કરોડનો વધારો થયો છે! જનસંખ્યા વધતી જ જાય છે વિશ્વમાં ચીન પ્રથમ તો ભારત બીજા સ્થાને છે. વિકાસ દર સામે વસ્તીવૃદ્ધિ દર એળા તો ગોઠવાઈ ગયા છે કે પરિણામમાં સંતોષ લોકોના ભાગમાં આવતો જ નથી. વસ્તી વધારાને કોઈ પણ પ્રકારે કાબુમાં કરવામાં આયોજનને અમલી બનાવવો ખુબ જ આવશ્યક છે. અત્રે યાદ રહે કે જમીન વધતી નથી કે આભ વધતું નથી અને ઉપભોગ કર્તા વધતા જાય છે. આ બાબતે નિષ્ણાંતોના મતે ત્રણ બાબતો ખુબ જ મહત્ત્વની છે. પ્રથમ જન્મદર, બીજુ મૃત્યુદર અને ત્રીજું સરકારનો અભિગમ. અગાઉ



પરિવારો વિશાળ હતાં તો સમય જતાં તેમાં પરિવર્તનો થયાં બાળકોની સંખ્યા પરિવાર દીઠ ઘટી પરંતુ સમાજના બધા જ વર્ગોમાં આવું બન્યું નથી. વસ્તી વૃદ્ધિમાં પછાત - અતિ ગરીબ - ગ્રામીણ આબાદીમાં સંતાનો વધુ હોવાનું શરુ રહ્યું છે કેમ કે તેઓનું માનવું છે કે વધુ બાળકો હશે તો વધુ મેળવવા કમાઈ લેવામાં તક રહેશે ! ગરીબીની નજક પણ ગરીબી જ હોય એ સ્થિતિ પ્રવર્તે છે. ગરીબ હોવું એ પાપનું ફળ નથી કે ઈશ્વરનો શ્રાપ નથી એ લોકોની બહુધા માનસિકતા અને નીતિગત અમલીકરણ સાથે આગળ જતી સમસ્યા હોવાનું સાબિત થાય છે. ઓછી જન સંખ્યાવાળા પરિવારો સહજ રીતે બધું પ્રાપ્ત કરવાની કુદરતી સક્ષમતા ધરાવતા હોય છે.

જયાં વધુ સંતાનો હોય તેવા પરિવારો વારસામાં વધુ કંઈ આપવા સક્ષમ રહેતા નથી ઉપરાંત કૃષિકારોનાં પરિવારોમાં ભાગે મળતી કૃષિલાયક જમીન ઘટતી જ જાય છે જે આધુનિક કૃષિ કરવા આર્થિક દષ્ટિએ જોતા પાછળ રહી જાય છે. જન્મદર આધુનિક યુગની જંજાળ જોતા ઘટી રહ્યો છે ભણેલા યુવાવર્ગ મોડા લગ્ન કરે છે કારકિર્દીને મહત્તા આપે છે. બાળકોમાં એક યા બે જ રાખતા થયા છે ! વધતી મોંઘવારી, વધતા ખર્ચા, વધતી મુંઝવણોના લીધે સમાજ આ મુદ્દે વિચારીને જીવતો થયો છે પરંતુ વસ્તીના દબાણમાં વૃદ્ધો વધી રહ્યા છે કેમ કે મૃત્યુદર ઘટી ગયો છે સારવાર ઉમદા થઈ ગઈ છે આ ઉપરાંત કમાણી નહીં કરનારા વર્ગમાં પણ વૃદ્ધિ થઈ છે. મહેનત કરનાર, કામ કરનાર યુવાવર્ગ જ વધુ વિકાસ પ્રાપ્ત કરવામાં કામ લાગે તેવું ઘટક છે જેની ઉપર આપણા વડાપ્રધાન મોદી સાહેબને શ્રદ્ધા છે !

યુવાધન દેશ પાસે પર્યાપ્ત છે જે રાષ્ટ્રને વિકાસ તરફ દોરી જશે. જનસંખ્યામાં અમુક વર્ગ કે જાતિ કે જ્ઞાતિની વાતમાં વધુ ભય છે તેવું માનવામાં પણ બહુ સાર નથી કેમ કે હવેના યુગમાં નારી શિક્ષણ વધ્યું છે બધા લોકોને ઉચ્ચ પ્રકારનું સારું જીવન ઈષ્ટ લાગી રહ્યું છે માટે જાતિગત લોકોની વસ્તી વૃદ્ધિ કે ભયસ્થાન જેવી વાતો રહી નથી. નબળા, અશિક્ષિત, પછાતોને વિકાસ પ્રવાહમાં જોડતા જઈશું તો આ સ્તરે ઉમદા સ્થિતિ બનશે તેવી શ્રદ્ધા છે સરકારે આ માટે કંઈક નવિનતમ્ આયોજન વિચારવું પડશે પણ આપણે લોકશાહીમાં જીવીએ છીએ માટે સ્વયંભૂ જન આંદોલનથી આબાદી ઉપર નિયંત્રણ આવે તો વધુ ઊચિત લાગી રહ્યું છે. એક વાત નક્કી છે કે હવે વધતી વસ્તી આપણા તમામ સુખ શાંતિને અવશ્ય હાનિ કરશે જેમકે પીવાનું પાણી જ ઉપલબ્ધ ના થઈ શકે અથવા કુપોષણની હદ વધી જાય, નૈતિક મૂલ્યો તદન ખલાસ થઈ જાય !!

બહુ મોટું થવામાં બહુ ભલુ જ થશે તેવું માનવું યોગ્ય નથી. બીજો જે વિકરાળ પ્રશ્ન દેશમાં વ્યાપક રીતે જોવા મળે છે તે અપ્રમાણસરની સંપત્તિનું સર્જન. સરકાર હવે બધુ ડિજિટલ પ્લેટફોર્મ પપરથી વોચ રાખી રહી છે. આર્થિક વ્યવહારો ને પારદર્શિતામાં લાવવામાં આવી રહ્યા છે માટે આવતા દિવસોમાં આ બાબતે જરૂરી સ્થિતિ સુધરશે. અપ્રમાણસર સંપત્તિનો અર્થ જ એ થાય કે આવકની કક્ષામાંથી જેટલી બચત થાય તેના કરતા અનેકગણી સંપત્તિ વ્યક્તિ પાસે હોય !! સત્તાનો દુરપયોગ કરી ને કે ભ્રષ્ટાચાર કરીને જે કંઈ કમાણી કરેલી હોય તે વેરા ભર્યા વિનાની જ હોય ઉપરાંત એ કમાણી વિકાસ કાર્યમાં બિલકુલ કામમાં આવેલી ના હોય અને ત્રીજી વાત એ આર્થિક ન્યાયમાં અતિ ઘાતક હોય એટલે આવી સંપત્તિ ધરાવનારાઓ વ્યક્તિ કે સંસ્થા કે એકમ જે હોય તેની સામે કાયદાકીય કાર્યવાહી કરી શિક્ષણાત્મક પગલાઓ લેવા જ પડે તેમ છે.

અન્યના હિસ્સાનું અધિકાર વિના ઉઠાવી લેવું અથવા માત્ર કાગળો ઉપર અમલીકરણ દર્શાવી ને કૌભાંડો રચી નાણા સ્વાહા કરનાર સમાજના ગુનેગાર હોય છે તેને માફી આપી શકાય નહીં. કાયદાનો ડર જતો રહ્યો હોય તો એ ડર ઉત્પન્ન કરાવવો તે સરકારની જ ફરજ બને છે. વંચિત અને સંચિત વચ્ચેની ખાઈ વધે તો અપરાધીકરણ પણ અવશ્ય વધતું હોય છે. સરકારી વિભાગોમાં ઉત્તરદાયિત્વ દાખલ કરાવો અને આ પ્રકારનાં લોકોને કદી ક્ષમા બક્ષો નહીં. વિકાસનો અર્થ જ જાગૃકતિ સાથે જવાબદારીથી જીવવું.

**શેર આસ્વાદ :**

**ભરી સભામાં દ્રૌપદીના ચીર જેવું છે જીવન**
**રોજ લંબાય છે ને કૃષ્ણ લાજ રાખ્યે જાય છે.**